# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-06-2024** **Morning : 7.45 to 7.55**

**Day : Thuresday** **National News**

આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

**********************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જી-7 શિખર સંમેલનમાં ભાગ લેવા ઇટલીના પ્રવાસે જવા રવાના
- ✓ કુવૈત આગ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને 40 થયો- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમીક્ષા બેઠક યોજી- મૃતકોના પરિવારજનોને બે લાખની સહાય જાહેર
- ✓ આગામી પાંચ દિવસમાં દેશના ઉત્તરીય ભાગોમાં ગરમીનું મોજું જ્યારે પૂર્વીય રાજ્યોમાં ભારે વરસાદની આગાહી
- ✓ દેશમાં છૂટક મોંઘવારી દર ઘટીને ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મે માસ સૌથી ઓછો 4.7 ટકા રહ્યો
- ✓ અને T-20 વિશ્વકપમાં ભારતે અમેરિકાને 7 વિકેટે હરાવી, સુપર 8માં સ્થાન મેળવ્યું

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM ITALY VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે યોજાનારા જી-7 શિખર સંમેલનમાં ઉપસ્થિત રહેવા આજે ઇટાલી જવા રવાના થયા. નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં વિદેશ સચિવ વિનય કવાત્રાએ જણાવ્યું હતું કે, ભારતને આઉટરીચ કન્ટ્રી તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે. સતત ત્રીજી વાર પ્રધાનમંત્રી પદનાં શપથગ્રહણ કર્યા બાદ શ્રી મોદીનો આ પ્રથમ વિદેશ પ્રવાસ છે. શ્રી કવાત્રાએ જણાવ્યું કે, આ પ્રવાસ જી-7 શિખર સંમેલન ભારત સિવાય ગ્લોબલ સાઉથને લગતા મહત્વના મુદ્દો પર ચર્ચા કરવાની પણ તક છે. જી-7માં ભારત 11મી અને પ્રધાનમંત્રી મોદી પાંચમી વખત ભાગ લઈ રહ્યા છે.

શ્રી મોદી જી-7 રાષ્ટ્રોના વડાઓ સાથે અલગથી દ્વિપક્ષીય મંત્રણા કરે તેવી પણ સંભાવના છે. તેઓ ઇટાલીનાં પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની સાથે દ્વિપક્ષીય બેઠક યોજશે. એક પ્રશ્નનાં જવાબમાં વિદેશ સચિવે જણાવ્યું કે, ભારત સ્વિત્ઝર્લેન્ડમાં યોજાનારા યુક્રેન શાંતિ સંમેલનમાં ભાગ લેશે..

# PARLIAMENT SESSION

18મી લોકસભાનું પ્રથમ સત્ર આગામી 24 જૂનથી 3 જુલાઈ સુધી યોજાશે. આ સત્ર દરમિયાન નવા ચૂંટાયેલા સાંસદોની શપથવિધિ, અધ્યક્ષની ચૂંટણી, રાષ્ટ્રપતિનું સંબોધન અને ચર્ચા થશે. રાજ્યસભાનું 264મું સત્ર 27 જૂનથી 3 જુલાઈ દરમિયાન યોજાશે.

કેન્દ્રિય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ કહ્યું કે, 140 કરોડ ભારતીયોની મહાત્વાકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા અને ચર્ચા કરવા સંસદ એક આદર્શ મંચ છે.

# REVISE - ANDHRA -ODISHA AND ARUNACHAL CM

ભાજપના પ્રેમા ખાંડુ આજે અરૂણાચલપ્રદેશના મુખ્યમંત્રી પદે શપથ લેશે. ઇટાનગર ખાતે આયોજિત આ શપથ વિધિ સમારોહમાં કેન્દ્રિય મંત્રી અમિત શાહ, જે.પી. નડ્ડા, પક્ષના મુખ્ય સચિવ બી.એસ. સંતોષ સહિતના નેતાઓ ઉપસ્થિત રહેશે.

ગઈકાલે તેલુગુ દેશમ પાર્ટીના વડા એન. ચંદ્રબાબુ નાયડુએ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી પદે શપથ લીધા હતા. તેમની સાથે જનસેના પાર્ટીના ત્રણ અને ભારતીય જનતા પાર્ટીના એક સહિત 24 મંત્રીઓએ શપથ લીધા હતા. જનસેના પાર્ટીના વડા કે. પવન કલ્યાણ, TDPના મહાસચિવે પણ મંત્રીપદના શપથ લીધા હતા.

દરમિયાન, ગઈકાલે મોહન ચરણ માઝીએ પણ ઓડિશાના મુખ્યમંત્રી પદના અને કનક વર્ધનસિંહ દેવ તથા પ્રવતી પરિદાએ નાયબ મુખ્યમંત્રી તરીકેનાં શપથ ગ્રહણ કર્યા હતા.

# PM _ KUWAIT

પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ કુવૈત આગ દુર્ઘટના મામલે સમીક્ષા બેઠક યોજી હતી. શ્રી મોદીએ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ભારતીયોના પરિવારજનો માટે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે આ મામલે જરૂરિયાતમંદોને પૂર્તી મદદ માટેના પગલાં લેવા માટે નિર્દેશ કર્યા હતા. સાથે જ વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહને તાત્કાલિક ધોરણે કુવૈત જઈને મૃતદેહોને સ્વદેશ પરત લાવવા માટેની કાર્યવાહી માટેના નિર્દેશ આપ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને બે લાખ રૂપિયાની સહાય જાહેર કરી હતી. દુર્ઘટનામાં મૃત્યુ આંક વધીને 40 થયો છે, જ્યારે કે 50થી વધી લોકોને ગંભીર રીતે ઇજા થવા પામી હતી.

# REV. PM KUWAIT FIRE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કુવૈતના વિદેશમંત્રી અબ્દુલ્લાહ અલી અલ-યાહ્યા સાથે વાત કરીને, કુવૈતમાં લાગેલી આ વિશેની જાણકારી મેળવી હતી. ડૉ. જયશંકરે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે કુવૈતના અધિકારીઓએ આ વિશે લેવાઈ રહેલા પગલાંઓ વિશે માહિતી આપી હતી. સાથે જ આશ્વાસન આપ્યું કે ઘટનાની તપાસ થશે.

ઉલ્લેખનીય છે કે કુવૈતના દક્ષિણ મંગફ શહેરની એક ઇમારતમાં બુધવારે વહેલી સવારે ફાટી નીકળેલી આગમાં 40 લોકોનાં મૃત્યુ થયા હતા, જ્યારે 50થી વધુને ઇજાગ્રસ્ત થયા હતા. મૃતકોમાં કેરળના પાંચ સહિત 10 ભારતીયોનો સમાવેશ થાય છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર રસોડામાં આગ લાગી હતી અને ઝડપથી સમગ્ર ઇમારતમાં ફેલાઈ ગઈ હતી. ઇમારતમાં 195 શ્રમિકો રહેતા હતા, જેમાંથી અનેક શ્રમિકો કેરળઅને તામિલનાડુના છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# IMD WEATHER

આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઝારખંડમાં ગરમીનું મોજું ફરી વળવાની આગાહી છે. હવામાન વિભાગ અનુસાર ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, મધ્યપ્રદેશ, રાજસ્થાન, હિમાચલપ્રદેશ, જમ્મુ અને ઓડિશનાં કેટલાંક ભાગોમાં ભીષણ ગરમી અનુભવાઈ શકે છે. જોકે આગામી ત્રણ દિવસ દરમિયાન પૂર્વ ભારતમાં મહત્તમ તાપમાનમાં કોઈ મહત્વનો ફેરફાર નહીં થાય.

દરમિયાન, નૈઋત્યનું ચોમાસુ મહારાષ્ટ્રનાં કેટલાંક ભાગો, સમગ્ર તેલંગાણા અને છત્તીસગઢનાં કેટલાંક વધુ ભાગોમાં આગળ વધ્યું છે. હવામાન વિભાગે ઓડિશા, તટીય આંધ્રપ્રદેશ અને ઉત્તર પશ્ચિમ બંગાળનાં અખાતમાં કેટલાંક ભાગોમાં ચોમાસુ આગળ વધવાનું જણાવ્યું છે. આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, સિક્કિમ અને ઉત્તર પૂર્વ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

# CPI- MAY DATA

દેશમાં છૂટક મોંઘવારી દર ઘટીને આ વર્ષે મે માસમાં 4.7 ટકા થયો છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના આંકડાઓ પ્રમાણે ગત મહિને પ્રથમ મહિને ઉપભોક્તા મૂલ્ય સૂચકાંક મોંઘવારી દર 4.83 ટકા હતો. ગત મહિને છૂટક વસ્તુઓનો મોંઘવારી દર 2023 બાદ સૌથી ઓછો 5 ટકાથી નીચે રહ્યો છે.

આ વર્ષે મોંઘવારી દર ખાદ્ય અને ઇંધણ જેવા પ્રવાહી અસ્થિર ઘટકોને બાદ કરતા વર્ષની સૌથી નીચલી સપાટીએ એટલે કે 2.97 ટકા રહ્યો. બીજી બાજુ ખાદ્ય અને પેય પદાર્થોનો મોંઘવારી દર 7.87 ટકા પર યથાવત છે. ખાદ્ય પદાર્થોમાં શાકભાજીના ભાવોમાં મે માસમાં સામાન્ય ઘટાડા સાથે 27.3 ટકા રહ્યો. જ્યારે કે દાળના ભાવોનો મોંઘવારી દર 17.4 ટકાસ, જ્યારે કે અનાજના ભાવ માસિક આધાર પર વધ્યા છે.

# T20 MATCH

આજે ટી 20 વિશ્વકપમાં બે મેચ રમાશે. પ્રથમ મેચમાં વેસ્ટઇન્ડિઝે ન્યૂઝીલેન્ડને જીતવા માટે 150 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

વેસ્ટઇન્ડિઝ તરફથી શેરફેન રધરફોર્ડ અડધી સદી ફટકારી છે. જ્યારે ન્યૂઝીલેન્ડના ટ્રેન્ટ બોલ્ટ 3, જ્યારે  ટિમ સાઉથી અને લોકી ફર્ગ્યુસને બે – બે વિકેટ ઝડપી છે. આ અગાઉ ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો.

જ્યારે અન્ય એક મેચ સાંજે કિંગ્સટાઉનમાં બાંગ્લાદેશ અને નેધરલેન્ડ્સ વચ્ચે રમાશે.

દરમિયાન ગઈકાલે મોડી સાંજે રમાયેલી મેચમાં ભારતે અમેરિકાને 7 વિકેટથી હરાવીને સુપર 8માં સ્થાન મેળવ્યું છે. ન્યૂયોર્કના સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી અમેરિકાની ટીમે 110 રન બનાવ્યા હતા. અમેરિકા માટે નીતિશ કુમારે 23 બોલ પર સૌથી વધારે 27 રન ફટકાર્યા હતા. તો ભારત તરફથી અર્શદીપસિંહે ચાર વિકેટ લીધા હતા. 111 રનોના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમની શરૂઆત સારી ન રહી. જોકે સૂર્ય કુમાર યાદવની અડધી સદી અને શિવમ દુબે સાથેની ભાગીદારીને કારણે ભારતે મેચ જીતી લીધી.

# US FADRALBANK

અમેરિકી ફેડરલ રિઝર્વ બેન્કે વ્યાજદરો યથાવત રાખ્યાછે. જોકે સાથે સંકેત પણ આપ્યા છે કે મોંઘવારીને પાર પાડવા માટે વર્ષના અંત સુધી વ્યાજદરોમાં ઘટાડો થઈ શકે છે. ફેડરલ રિઝર્વના ટોચના અધિકારીઓની બે દિવસની બેઠક બાદ ગઈકાલે રાતે આ જાહેરાત કરાઈ હતી. સતત સાતમી બેઠકમાં વ્યાજદર કોઈ જ ફેરફાર વિના 5.2 ટકા, અને 5.0 ટકાની વચ્ચે રાખવામાં આવ્યા છે. કુગાવાનો દર ઘટતા ફેડરલ રિઝર્વ બેંક ચાલુ વર્ષે વ્યાજદરોમાં કાપ મૂકી શકે તેવી અપેક્ષા હતા.

જોકે ફૂગાવાનો દર સતત ઉંચો રહેવાને કારણે વ્યાજદરોમાં કોઈ જ ફેરફાર કરાયો નથી. અમેરિકાની કેન્દ્રીય બેન્ક કુગાવાને બે ટકા નીચે લાવવાનો હેતુ ધરાવે છે. જોકે બેન્કના ચેરમેન જોરોમે પોવેલે કહ્યું કે કેન્દ્રીય બેન્ક વ્યાજદરોને ઘટાડતા પહેલા ખાદ્ય કુગાવા દર સહિતના સારા આંકડાઓ વિશે આશ્વસ્ત થવા માગે છે.

# ISRAEL _HUJBULLAH

ઇઝરાયેલ સેનાએ હિજબુલ્લાહ કમાન્ડર સામી તાલેબ અબ્દુલ્લાહના મોતની પુષ્ટિ કરી છે. બે દિવસ પહેલા દક્ષિણી લેબનોનમાં આ હવાઈ હુમલો કરાયો હતો. ઇઝરાયેલની સેનાએ એક નિવેદનમાં કહ્યું છે કે સામી અબ્દુલ્લા હિજબુલ્લાહના એક એકમનો કમાન્ડર હતો. લેબનોનના મીડિયાએ પણ અબ્દુલ્લાહની મોતની પુષ્ટી કરતા હુમલામાં ત્રણ અન્ય લોકોના મોત તેમજ 10 લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું નોંધ્યું છે.

દરમિયાન હિજબુલ્લાહ એ ઉત્તરી ઇઝરાયેલના સૈન્ય સ્થળો ઉપર રોકેટ, ડ્રોન અને મિસાઇલ દ્વારા જવાબી હુમલો કર્યાનો દાવો કર્યો છે. ઇઝારેયલની સેનાનું કહેવું છે કે લેબનોનમાં 170 જેટલા રોકેટ ગોળા ફેંકવામાં આવ્યા હતા..